# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
# જૂનાગઢ

**ધોરણ-૧૦ પછીના પોલીટેકનીક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નાં કોમન પ્રવેશ ને અંતે જૂ.કૃ.યુ. માં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેનો રૂબરૂ કાઉન્સેલિંગ કાર્યક્રમ**

**(વેબસાઈટ: www.jau.in, poly.gsauca.in)**

| ક્રમ નં. | પોલીટેકનીકનું નામ |
|---|---|
| ૧ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ધારી |
| ૨ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, હળવદ |
| ૩ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, સીદસર (હાલ: જૂનાગઢ) |
| ૪ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી (માત્ર વિદ્યાર્થીનીઓ માટે) |
| ૫ | પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| ૬ | પોલીટેકનીક ઇન એગ્રો-પ્રોસેસિંગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| ૭ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ, જૂ. કૃ.યુ, તરઘડીયા |

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ઉપરોક્ત પોલીટેકનીક્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નાં રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓના કોમન પ્રવેશ ને અંતે ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટે ધો. ૧૦માં અંગ્રેજી વિષય સાથે ઉતીર્ણ થયેલ પ્રવેશ પાત્રતા ધરાવતા અને લઘુત્તમ લાયકાત ધરાવતા (General/ EWS/SEBC કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં - ૪૦% તથા SC/ST કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં- ૩૩%) તથા ચાલુ વર્ષની ૩૧ ડિસેમ્બરે ઓછામાં ઓછા ૧૫ વર્ષ પૂર્ણ થતા હોય તેવા પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોએ નીચેની વિગતેના તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટસ તથા તેનાં પ્રમાણિત ઝેરોક્ષનાં બે સેટ સાથે **તા. ૨૫/૦૭/૨૦૨૫** ના રોજ **સવારે ૦૮:૦૦ કલાકે સરદાર પટેલ સભાગૃહ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ** ખાતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

**અરજી ફોર્મ સાથે સામેલ કરવાના પ્રમાણપત્રોની ઓરીજીનલ તથા નકલો (૨ (બે)-સેટ) ની યાદી:**

૧. ધોરણ-૧૦ની માર્કશીટ

૨. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC)

૩. જાતિ અંગેનું પ્રમાણપત્ર જો લાગુ પડતું હોય તો,

- જો જાતિ SEBC હોય તો વેલીડ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર (તા. ૦૧/૦૪/૨૦૨૩ કે ત્યારપછીનું)

૪. ૭-૧૨ અને ૮-અ નો તા. ૦૧/૦૪/૨૦૨૫ પછીનો દાખલો તથા વિદ્યાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું / તલાટીનો દાખલો / રેશન કાર્ડ / સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ

ઉમેદવારોએ રૂબરૂ કાઉન્સેલિંગના સ્થળે અરજી ફોર્મ ફી રૂ.૨૦૦/- (નોન રીફંડેબલ) રૂબરૂ ભરી, રજીસ્ટ્રેશન કરાવી ફોર્મ ભરી તેની સાથે જોડેલ પ્રમાણપત્રોના ઝેરોક્ષનાં સેટને આધારે નિયમોનુસાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મેરીટના આધારે રૂબરૂ કાઉન્સેલિંગ યોજવામાં આવશે. વિધાર્થીઓને કોમન પ્રવેશને અંતે હાલમાં ખાલી રહેલ બેઠકોમાં જ મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

- જે વિધાર્થીઓ ખેડૂતપુત્રો / ખેડૂત ખાતેદાર હોય તેઓને નિયમોનુસાર પોલીટિકનીક ઇન એગ્રીકલ્ચર તથા પોલીટિકનીક ઇન હોર્ટીકલ્ચરમાં ખેડૂતપુત્ર/ખેડૂતપુત્રી ના વધારાના પાંચ ટકા ગુણભાર/વેઈટેજ મળવાપાત્ર થશે એટલે આવા વિધાર્થીઓએ 7-12, 8-A ની તાજેતરની ઓરીજનલ નકલ તથા વિધાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું/તલાટીનો દાખલો/રેશન કાર્ડ /સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ સાથે લાવવાનુ રહેશે.
- રૂબરૂ કાઉન્સેલિંગ વખતે વિધાર્થીઓને એડમીશન મળે એટલે તુરંત જ ફી (વિધાર્થીઓ માટે રૂ. ૧૨૨૦/-, વિધાર્થીનીઓ માટે રૂ. ૯૬૦/-) ભરવાની રહેશે. ફી નહિ ભરનાર વિધાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થશે.
- પોલીટિકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી માત્ર વિધાર્થીનીઓ માટે જ મંજૂર થયેલ હોય, તેથી સદર પોલીટિકનીકમાં માત્ર વિધાર્થીનીઓને જ પ્રવેશ આપવામાં આવશે.
- રૂબરૂ કાઉન્સેલિંગનાં દિવસે નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિધાર્થીઓને (નિયત સમય/રીપોર્ટીંગ સમય ૦૮:૦૦ કલાક) જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે .
- રૂબરૂ પ્રવેશ માટે આવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાતરી પ્રવેશ સમિતિ આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલિંગ માટે વિધાર્થીઓ / વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે.

**કુલસચિવ**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી**
**જૂનાગઢ**